## VASHISHTHA GENESIS SCHOOL, BARDOLI
(Academic Session: 2026-27)

Date: ________ Class:3 Div: B Roll No: ______ Sub:2L.Gujarati

Name: ________________________________ Worksheet: ch 3 to 7 anskey (T-1)

## 3 ત્રણ ઢીંગલીઓ

## અભ્યાસ

### સ્વાધ્યાય

**મૌખિક**

**પ્ર.૧ અકબરના દરબારમાં ઢીંગલીઓને લઈને કોણ આવ્યું ?**

જ.૧ અકબરના દરબારમાં ઢીંગલીઓ લઈને એક કલાકાર આવ્યો.

**પ્ર.૨ દરબારીઓને ત્રણે ઢીંગલીઓ કેવી લાગી રહી હતી ?**

જ.૨ દરબારીઓને ત્રણે ઢીંગલીઓ એકસરખી લાગી રહી હતી.

**પ્ર.૩ કઈ ઢીંગલી સહુથી સારી હતી ?**

જ.૩ ત્રીજી ઢીંગલી સહુથી સારી હતી.

**પ્ર.૪ ત્રણે ઢીંગલીઓમાં શું તફાવત હતો ?**

જ.૪ ત્રણે ઢીંગલીઓના સ્વભાવમાં તફાવત હતો.

**લિખિત**

૧. **પ્ર.૧ કલાકાર ઢીંગલી કોને આપવા ઈચ્છતો હતો ?**

જ.૧ કલાકાર સૌથી સારી ઢીંગલી શોધી આપનારને ઢીંગલી આપવા ઈચ્છતો હતો.

**પ્ર.૨ બીરબલે ઢીંગલીઓ વચ્ચેનો ભેદ કઈ રીતે શોધ્યો ?**

જ.૨ બીરબલે ઢીંગલીઓના કાનમાં ફૂંક મારીને ભેદ શોધ્યો.

**પ્ર.૩ બીજી ઢીંગલી કયા લોકો જેવી હતી ?**

જ.૩ બીજી ઢીંગલી તે લોકો જેવી હતી જે સાંભળેલી દરેક વાત અન્યને કહી દે છે.

**પ્ર.૪ ત્રીજી ઢીંગલી સૌથી સારી કેમ હતી ?**

જ.૪ ત્રીજી ઢીંગલી સૌથી સારી હતી કેમ કે, તે એવા લોકો જેવી હતી જેઓ અન્યની ગુપ્ત વાતો પોતાના સુધી જ રાખે છે.

# 4 સમયનું મહત્વ

## સ્વાધ્યાય

### મૌખિક

**પ્ર.૧ ઘણાં બધા ફૂલો મળવાથી શું બને છે ?**

જ.૧ ઘણાં બધા ફૂલો મળવાથી ગુલદસ્તો બને છે.

**પ્ર.૨ ઘર કેવી રીતે બને છે ?**

જ.૨ ઘણી બધી ઈંટોને એક-બીજા સાથે જોડવાથી એક સુંદર ઘર બને છે.

**પ્ર.૩ પળ-પળ જોડાવાથી શું બને છે ?**

જ.૩ પળ-પળ જોડાવાથી યુગ બને છે.

**પ્ર.૪ બુદ્ધિમાન કોણ કહેવાય છે ?**

જ.૪ સમયનું મૂલ્ય સમજનાર બુદ્ધિમાન કહેવાય છે.

### લિખિત

૧. **પ્ર.૧ ગુલદસ્તો એટલે શું ?**

જ.૧ ઘણા બધા ફૂલોના ગુચ્છાને ગુલદસ્તો કહે છે.

**પ્ર.૨ જળના અનેક બિંદુઓ મળી જાય તો શું બની શકે છે ?**

જ.૨ જળના અનેક બિંદુઓ મળીને સાગર બની જાય છે.

**પ્ર.૩ પળ અને યુગમાં શું અંતર છે ?**

જ.૩ પળ સમયનો નાનો હિસ્સો છે અને યુગ ઘણો લાંબો સમય છે.

# 5 રાજેન્દ્રબાબુ

## સ્વાધ્યાય

### મૌખિક

**પ્ર.૧ ગજ્જન પાણી અંદર શા માટે લઈ જઈ રહ્યો હતો ?**

જ.૧ ગજ્જન નેતાઓના નહાવા માટે પાણી અંદર લઈ જઈ રહ્યો હતો.

**પ્ર.૨ એક વ્યક્તિએ ગજ્જનને શું કહ્યું ?**

જ.૨ એક વ્યક્તિએ ગજ્જનને કહ્યું-ભાઈ, જરા બાલટી આપી દો, હું પણ નાહી લઉં.

**પ્ર.૩ ગજ્જને વ્યક્તિને બાલટી કેમ ન આપી ?**

જ.૩ ગજ્જન પહેલાં પોતાનું કાર્ય પૂરું કરવા માંગતો હતો, તેથી તેણે તે વ્યક્તિને બાલટી ન આપી.

**પ્ર.૪ ગજ્જને રાજેન્દ્રબાબુ પાસે ક્ષમા શા માટે માંગી ?**

જ.૪ ગજ્જને જાણ નહોતી કે, જે વ્યક્તિએ તેની પાસે બાલટી માંગી હતી. તેઓ રાજેન્દ્રબાબુ પાસે ક્ષમા માંગી જેઓ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા.

**લિખિત**

૧. **પ્ર.૧ વ્યક્તિએ બાલટી શા માટે માંગી ?**

જ.૧ ઘણાં મહાન લોકોની સભા શરૂ થવામાં હતી. તે વ્યક્તિને પણ સભામાં બેસવાનું હોય છે, તેથી તેમણે નહાવા માટે બાલટી માંગી.

**પ્ર.૨ વ્યક્તિએ ગજ્જનની મદદ કઈ રીતે કરી ?**

જ.૨ વ્યક્તિએ પાણી ભરેલી બાલટી ભરાવીને અંદર પહોંચાડવામાં ગજ્જનની મદદ કરી.

**પ્ર.૩ રાજેન્દ્રબાબુ કેવી વ્યક્તિ હતા ?**

જ.૩ તેઓ સીધા, સરળ, નિખાલસ વ્યક્તિ હતા. તેમણે એક ગ્રામ્યસેવકની જેમ જીવન પસાર કર્યું.



# 6 જાદુઈ વાંસળી

## સ્વાધ્યાય

**મૌખિક**

**પ્ર.૧ ગામનું નામ શું હતું ?**

જ.૧ ગામનું નામ કિશનપુરા હતું.

**પ્ર.૨ ગામમાં શેનો ત્રાસ વધી ગયો હતો ?**

જ.૨ ગામમાં ઉંદરોનો ત્રાસ વધી ગયો હતો.

**પ્ર.૩ વાંસળીવાળો કેટલાં સિક્કાની માંગણી કરે છે ?**

જ.૪ વાંસળીવાળો ૧૦૦ ચાંદીના સિક્કાની માંગણી કરે છે.

**લિખિત**

૧. **પ્ર.૧ ઉંદરોનો ઉપદ્રવ કેવી રીતે વધી રહ્યો હતો ?**

જ.૧ ગામમાં જ્યાં જોઈએ ત્યાં ઉંદર અને ઉંદર દેખાઈ રહ્યા હતા.આ ઉંદરોને લીધે કોઈ શાંતિથી ખાઈ ના શકે, ચાલી ના શકે, ઊંઘી ના શકે, બધી જગ્યાએ ચૂં ...ચૂં ...ચૂં અવાજ કાને અથડાયા કરે. લોકોના જીવનની શાંતિ જાણે હણાય ગઈ હોય એમ આખું ગામ એની ચિંતા કરવા લાગ્યું હતું.

**પ્ર.૨ ગામ લોકોની પરેશાની કેવી રીતે દૂર થાય છે ?**

જ.૨ ગામલોકો ઉંદરોના ત્રાસથી કંટાળી ગયા હતા. એક વાંસળીવાળો ગામલોકોની પરેશાની સાંભળે છે અને પોતાની વાંસળીમાં જાદુઈ સૂર વગાડે છે અને ધીરે ધીરે બધાં જ ઉંદરો વાંસળીવાળાની પાછળ પાછળ દોડી આવે છે. વાંસળીવાળો આ ઉંદરોને નદી સુધી લઈ જાય છે અને બધાં ઉંદરો નદીમાં ડૂબી જાય છે અને ગામલોકોની પરેશાની દૂર થાય છે.

**પ્ર.૩ વાંસળીવાળો કેવી રીતે પોતાના હકના પૈસા મેળવે છે ?**

જ.૩ વાંસળીવાળો નિરાશ થયા વગર સવારે વહેલા વાંસળી વગાડે છે અને એના જાદુઈ સૂરોની અસરથી ગામના બધાં બાળકો તેની પાછળ પાછળ જંગલ સુધી પહોંચી જાય છે. વાંસળીવાળો બધાં બાળકોને એક ગુફામાં બંધ કરી દે છે. બાળકોને શોધતા શોધતા ગામલોકો ગુફા સુધી પહોંચી જાય છે. વાંસળીવાળાને ત્યાં જોઈને બધી વાત સમજી જાય છે અને તેની માફી માંગી તેને સન્માનિત કરે છે.

૨. **યોગ્ય વિકલ્પ પસંદ કરી નીચે આપેલ ખાલી જગ્યા પૂરો.**

૧. વાંસળીના સૂર **જાદુઈ** હતા. (બેસુરા, જાદુઈ)

૨. ઉંદર **ચૂં ...ચૂં ...ચૂં** અવાજ કરતાં હતાં (ચૂં ...ચૂં ...ચૂં , કુ...કુ..કુ..)

૩. ઈનામ રૂપે વાંસળીવાળાએ ૧૦૦ **ચાંદીના** સિક્કા માંગ્યા. ( તાંબા, ચાંદી )

૪. વાંસળીવાળો બાળકોને **જંગલમાં** લઈ ગયો. ( જંગલમાં, નદીમાં )

૫. ગામલોકોએ વાંસળીવાળાને **૨૦** સોનાના સિક્કા આપ્યા. ( ૫૦, ૨૦ )



# 7 તું નાનો, હું મોટો

**મૌખિક**

**પ્ર.૧ કવિતામાં કેવો ખ્યાલ કવિ દૂર કરવાનું કહે છે ?**

જ.૧ કવિતામાં કવિ મનમાં ઊંચા અને નીચાનો ભેદભાવ દૂર કરવાની વાત કરે છે.

**પ્ર.૨ દરિયામાંથી કેવા સ્વાદનું પાણી પીવા મળે છે ?**

જ.૨ દરિયામાંથી ખારા સ્વાદનું પાણી પીવા મળે છે.

**લિખિત**

૧. **પ્ર.૧ મૂર્ખ માણસો કેવો ગૂંચવાડો કરે છે ?**

જ.૧ મૂર્ખ માણસો નાના-મોટાનો ભેદભાવ કરીને ગૂંચવાડો ઊભો કરે છે.

**પ્ર.૨ ગુલાબના છોડના ઉદાહરણ દ્વારા કવિ શું સમજાવા માંગે છે ?**

જ.૨ ગુલાબના છોડ આકારમાં નાનો હોય છે પરંતુ તેના ફૂલની સુંગંધ સૌને તરોતાજા કરી દે છે. ઝાડ આકારમાં મોટા હોય છે પણ તેમાંથી સુગંધ આવતી નથી. આ પ્રમાણે કોઈપણ માણસને તેના આકાર, રંગરૂપથી તપાસવો જોઈએ નહીં.

**પ્ર.૩ માણસે પોતાના મનને કેવું બનાવવું જોઈએ ?**

જ.૩ માણસે પોતાના મનને વિશાળ બનાવવું જોઈએ. કોઈને ભેદભાવની દ્રષ્ટિએ તપાસવા જોઈએ નહીં.

૨. **નીચે આપેલ શબ્દ પરથી વાક્ય બનાવો.**

**૧. સફળતા** - ભારતે અવકાશ વિજ્ઞાનમા વિશેષ સફળતા મળી છે.

**૨. ખારાશ** - આજે શાકમાં ખારાશ વધુ છે.

**૩. સમાનતા** - ભારત દેશમાં સૌ સમાનતાનો અધિકાર ધરાવે છે.

**૪. મૈત્રી** - મૈત્રી (મિત્રતા) ભાવ હમેશા સર્વોપરી છે.

**૫. વૃક્ષો** - તન્મયે 'વૃક્ષો બચાવો' અભિયાનમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.